ભાજપનો કાર્યકર લક્ષ્યાંક સાથે સક્રિય છે

ગુજરાતની જનતા જનાર્દનના હૈયામાં ભાજપનું સ્થાન મજબૂત છે : ગુજરાત અને કેન્દ્ર સરકારના પ્રજાલક્ષી કાર્યોની પ્રદેશ કારોબારીમાં પ્રશસ્તિ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે થોડાક સમય રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને સક્રિય થઈ ગયા છે. આના ભાગરુપે આજે ભાજપે પણ પ્રદેશ કારોબારીની અતિ મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં રાજકીય પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અભિનંદન પ્રસ્તાવ પણ પસાર કરાયો હતો. સાથે સાથે સમગ્ર દેશ અને ગુજરાત માટે અગત્યના સરદાર સરોવર બંધના લોકાર્પણને લઈને પણ ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. કારોબારીની બેઠકમાં હર્ષ અને ગૌરવ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ભાજપની પ્રદેશ કારોબારીની બેઠકમાં રાજકીય પ્રસ્તાવ પસાર કરાયો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ભાજપ ગુજરાતનું નેતૃત્વ કરે છે અને ગુજરાત દેશનું નેતૃત્વ કરે છે. ગુજરાત અનેક માનવતા વિરોધી, દેશ વિરોધી અને સંસ્કૃતિ વિરોધી તાકાતોની સામે ભવ્ય અને દિવ્ય સોમનાથ મંદિરની જેમ અડીખમ રહ્યું છે. ગુજરાત દેશના સ્વરાજ્ય માટેના લોકસંઘર્ષમાં મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલના નેતૃત્વમાં અડીખમ રહ્યું છે. અવિરત વિકાસમાં અડીખમ વિશ્વાસ હોવાની વાત કરવામાં આવી હતી. રાજકીય પ્રસ્તાવમાં કોંગ્રેસના કુશાસનમાં થતાં કોમી રખામણો, કરફ્યુ જેવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાજકીય ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, માથાભારે ગુંડાઓના ત્રાસ અને ભયજનક યાતનાઓને ગુજરાતની જનતા હજુ ભુલી નથી. પાણી વગર વલખા મારતી પ્રજા પીવાના પાણી માટે ટેન્કરરાજ, ભ્રષ્ટાચાર, આડેધડ આયોજન અને સિંચાઈના અભાવે ખેડૂતો સતત પાયમાલ થઈ રહ્યા હતા. આવા કોંગ્રેસના ભૂતકાળને દૂર કરીને ભાજપ સરકારે શાંતિ, સલામતી અને સમૃદ્ધિ સાથેના ગુજરાતના વિકાસની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. અભિનંદન પ્રસ્તાવમાં કારોબારીમાં અનેક મુદ્દાઓની વાત કરવામાં આવી હતી.

ગુજરાતમાં લોકતંત્રનો મહત્વનો ઉત્સવ ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણીમાં ભાજપનો દરેક કાર્યકર્તા ૧૫૦થી વધુના લક્ષ્યાંક સાથે કામ કરી રહ્યો છે. ગુજરાતની જનતાજનાર્દનના હૈયામાં ભાજપનું સ્થાન મજબૂત થયેલું છે. ગુજરાતની જનતાએ ભાજપને સમય સમયે ગુજરાતમાં યોજાયેલા લોકશાહીના પર્વમાં ચૂંટણીમાં તક આપીને કમળને વિજય બનાવ્યું છે. આજે મળેલી પ્રદેશ કારોબારીમાં કેન્દ્રની મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારની કામગીરીની પ્રસંસા કરવામાં આવી હતી. પ્રજા કલ્યાણલક્ષી કાર્યોની સરહાના કરવામાં આવી હતી. નિર્ણાયક, પ્રગતિશીલ સરકારને એક વર્ષમાં ૩૬૫ દિવસમાં ૪૭૫ પ્રજાલક્ષી નિર્ણય કરવા બદલ અભિનંદન પ્રસ્તાવમાં અભિનંદન આપવામાં આવ્યા છે. ગુજરાતની સરકારે સમાજના તમામ વર્ગ અને રાજ્યના તમામ વિસ્તારને વિકાસના લાભ પહોંચાડવા પરિશ્રમ કર્યો છે. સરકારના તમામ વર્ગને પોતાની લાગી રહી છે. તે ખુબ મોટી સફળતા છે. ગુજરાત સરકારે અને મુખ્યમંત્રીએ અન્યો સાથે કુદરતી આફતના સમયે સાથે રહીને સક્રિય ભૂમિકા ભજવી છે. અભિનંદન પ્રસ્તાવમાં અન્ય મુદ્દાઓની પણ વાત કરાઈ હતી. નમો ટેબ્લેટ, ખેડૂતલક્ષી નિર્ણયની પ્રશંસા કરાઈ હતી. સરદાર સરોવર બંધના લોકાર્પણથી ગુજરાતના વિકાસના દ્વાર ખુલ્યા છે. ગુજરાત વિરોધીઓના હાથ હેઠા પડ્યા છે.

કોંગ્રેસ સત્તા પર આવશે તો ખેડૂતના દેવાને માફ કરાશે

૧૬ કલાક વીજળીનું પણ વચન : ગુજરાતના ખેડૂતો માટે કોંગ્રેસની જાહેરાતો : ટેકાના ભાવો આપવાની પણ ખાતરી

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજયના ખેડૂતોના હિતમાં આજે ખેડૂત અધિકાર અભિયાનની જાહેરાત કરવામાં આવી હતી. ખેડૂત અધિકાર અભિયાન અંતર્ગત ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ વાઘેલા, સિનિયર નેતાઓ સિધ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડિયા સહિતના નેતાઓએ ગુજરાતના ખેડૂતો માટે બહુ મોટી અને મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તા પર આવશે તો, ગુજરાતના ખેડૂતોના હજારો કરોડના દેવા માફ કરશે અને ખેડૂતોને ૧૬ કલાક વીજળી પૂરી પાડશે. કોંગ્રેસે રાજયના ખેડૂતોને સિંચાઈના પાણીના મહત્તમ લાભ અને ટેકાના ભાવો આપવાની પણ ખાતરી આપી હતી. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ આજે પત્રકાર પરિષદમાં નવસર્જન ખેડૂત અધિકાર અભિયાનની જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે, ભાજપે ૨૨ વર્ષના શાસનમાં રાજયના ખેડૂતો માટે કંઈ જ કર્યું નથી ઉલ્ટાનું ખેડૂત વિરોધી અને કૃષિ વિરોધી નીતિના કારણે ખેડૂતોની આત્મહત્યાના બનાવો વધ્યા છે. ભાજપ સરકારે ખેડૂતોના ટેકાના પોષણક્ષમ ભાવો નથી, તેઓને પૂરતી વીજળી પૂરી નથી પાડી અને તેઓના પાક નુકસાનની વીમાની રકમોપણ ચૂકવી નથી.ભાજપે તેના ૨૨ વર્ષના શાસનમાં ગુજરાતની જનતાને અને ખેડૂતોને માત્ર સપનાઓ જ બતાવ્યા છે. આ ૨૨ વર્ષમાં ભાજપ સરકાર નવો એક ડેમ સુધ્ધાં બનાવી શકી નથી. ભાજપે તેના શાસનમાં લોકોને માત્ર ઠાલાં વચનો આપ્યા સિવાય કશું કર્યું નથી. ખેડૂતો અને પ્રજા સૌકોઈ ભાજપથી ત્રસ્ત છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જો કોંગ્રેસ સત્તા પર આવશે તો, ખેડૂતો માટે વિશેષ લાભકારી અને કૃષિલક્ષી નીતિઓ અમલમાં લાવશે. કોંગ્રેસ સત્તા પર આવશે તો, રાજયના ખેડૂતોના હજારો કરોડના દેવા માફ કરશે અને ખેડૂતોને ૧૬ કલાક જેટલી વીજળી આપશે. એટલું જ નહી, ખેડૂતોને સિંચાઈના પાણીના મહત્તમ લાભ અને ટેકાના ભાવો પણ કોંગ્રેસ પૂરા પાડશે. ખેડૂતોને તેમની જમીનોના અધિકાર અને રક્ષણ પણ કોંગ્રેસનું શાસન પૂરા પાડશે.

ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યું

શિણાવાડ કેળવણી મંડળના હોદ્દેદારો અને ટ્રેક્ટર ચાલકની રજુઆત કરી હતી અને આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર ૧૨-૦૯-૧૭ ના રોજ શિણાવાડ ગામે દલિત પરિવારોની ૭૦ વર્ષ જુની બાપદાદાના સમયથી ખેતી કરતા ખેતીની જમીન પચાવી પાડવા કરેલ ષડયંત્ર રચી તથા દલિત પરિવારો પર જાતિવિરુદ્ધ અપમાનિત કરી મારઝુડ તથા ધાકધમકીઓ આપી અત્યાચાર આચરવામાં આવ્યો હતો. જેની સામે દલિત પરિવાર દ્વાર એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવવા છતાં આજદિન સુધી ૧૧ આરોપીઓની ધરપકડ કે કાયદાકીય કાર્યવાહી કરવામાં નથી આવી ઉપરોક્ત મંડળ એટ્રોસિટી કેશમાં ધરપકડ કરવા અને આગોતરા જમીન ના મંજૂર કરવા દ્વારા મોટામાથાવાળા, રાજકારણીઓ, માલેતુજાર અને જેવું કહે તેવું કરવા વાળા હોવાથી તેમજ તેમની સત્તાનો રોફ પોલીસ પર બતાવી ગરીબ-દલિત પરિવારોને ભારે નુકશાન પહોંચાડી શકે તેવા હોવાથી સત્વરે કાનૂની કાર્યવાહી થાય, કાયદાનું પાલન થાય તે સારું તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ સાથે પોલીસ રક્ષણની માંગણી કરી હતી. આવેદન પત્રમાં ધમકી ઉચ્ચારી જણાવ્યું બે દિવસમાં ૧૧ આરોપીઓની ધરપકડ નહિ થાય તો અરવલ્લી જિલ્લાના દલિત સમાજના આગેવાનો એસ. પી. કચેરીએ નાછૂટકે ધરણા, ભૂખ હડતાલ તેમજ દલિત આક્રોશ રેલીનું આયોજન કરી ઉગ્ર લડત આપવામાં આવશે.

કંપની સમાચાર

પ્રતાપ સ્નેક્સ લિમિટેડનો આઈપીઓ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે ખુલશે અને ૨૬ સપ્ટેમ્બર, ૧૭ને મંગળવારે બંધ થશે

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર")એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે રૂ. પની ફેસ વેલ્યુ (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ રોકડ માટે લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી, જેમાં રૂ. ૨,૦૦૦ મિલિયન (''ફ્રેશ ઈશ્યૂ'') સુધીનાં કુલ ઈક્વિટી શેર અને વિક્રેતા શેરધારકો દ્વારા ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે, જેમાં ૩,૦૦૫,૭૭૦ ઈક્વિટી શેર સુધીનાં વેચાણની ઓફર સામેલ છે, જેમાં સીક્વોઈયા કેપિટલ જીએફઆઈવી મોરેશિયસ ઈન્વેસ્ટમેન્ટ (''એસસીજી'') દ્વારા ૩૬૯,૪૫૧ ઈક્વિટી શેર અને ૯૪,૨૬૬ ઈક્વિટી શેર સીક્વોઈયા કેપિટલ ઈન્ડિયા ગ્રોથ ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ (''એસસીઆઈજીઆઈએચ'') (સંયુક્તપણે ''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ'' તરીકે રેફર કરવામાં આવે છે) જેમાં એસસીઆઈ ગ્રોથ ઈન્વેસ્ટમેન્ટ્સ II (''એસસીઆઈ'')નાં ૧,૩૧૭,૦૯૩ ઈક્વિટી શેર, અરવિંદ મહેતાનાં ૧૮૩,૭૪૦ ઈક્વિટી શેર, નવીન મહેતાનાં ૧૩૯,૨૦૦ ઈક્વિટી શેર, અરુણ મહેતાનાં ૧૩૯,૨૦૦ ઈક્વિટી શેર, રાજેશ મહેતાનાં ૩૬૧,૯૨૦ ઈક્વિટી શેર, કાંતા મહેતાનાં ૬૬,૮૨૦ ઈક્વિટી શેર, પ્રેમલતા કુમાતનાં ૭૭,૯૫૦ ઈક્વિટી શેર, સ્વાતિ બાપ્રાનાં ૨૨,૨૭૦ ઈક્વિટી શેર, અપૂર્વ કુમાતનાં ૧૧૬,૯૩૦ ઈક્વિટી શેર અને અમિત કુમાતનાં ૧૧૬,૯૩૦ ઈક્વિટી શેર (સંયુક્તપણે પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ અને સંયુક્તપણે ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ, ''વિક્રેતા શેરધારકો'') સામેલ છે. ઈશ્યૂમાં લાયક કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે મિલિયન સુધીનાં કુલ ૪૨,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન''). ઈશ્યૂ પ્રાઈઝ પર એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૦નું ડિસ્કાઉન્ટ એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનમાં લાયક કર્મચારીઓને ઓફર થશે.

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડએ ૬૪ એન્કર રોકાણકારોને ઈક્વિટી શેર ફાળવ્યા

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'')એ ૬૪ એન્કર ઈન્વેસ્ટર્સને કુલ રૂ. ૧૬૨૪.૭૭ કરોડમાં ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬૧/- (અપર પ્રાઈઝ બેન્ડ) પર ૨,૪૫,૮૦,૪૪૭ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૫૧થી રૂ. ૬૬૧ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૨૨ ઈક્વિટી શેર અને પછી ૨૨ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. બિડ/ઓફર ૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ને મંગળવારે બંધ થશે.

ઓફરનાં જીસીબીઆરએલએમ ડીએસપી મેરિલ લીન્ચ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે. ઓફરનાં બીઆરએલએમ સીએલએસએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, એડલવાઈસ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ અને જેએમ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશનલ સીક્યોરિટીઝ લિમિટેડ છે. ઓફરમાં ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

આ નવરાત્રીમાં વેલા પ્રોફેશનલ અને અભિનેત્રી અલિશા પ્રજાપતિ સાથે કહો 'હેલો હેપ્પી હેર, ગૂડબાય ડેમેજ'

અમદાવાદ, તા. ૧૬

વેલા પ્રોફેશનલ્સે અભિનેત્રી અલિશા પ્રજાપતિ સાથે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રતિભાશાળી અભિનેત્રીએ તેની સખીઓ સાથે અગ્રણી વેલા સલૂનમાં વેલા કલરની મદદથી તેના દેખાવને એકદમ બદલીને આકર્ષક બનાવી આ વર્ષે વહેલાં જ નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ગુણવત્તા, પરફોર્મન્સ અને ફેશનના સંયોજન સાથે વેલાનુ હેર કલર સોલ્યુશન ભારતમાં પ્રત્યેક મહિલાને 'હેલો હેપ્પી હેર, ગૂડબાય ડેમેજ' કહેતાં કરવાની ખાતરી આપે છે. બે દાયકાથી વધુ સમયથી હેર કલરના ક્ષેત્રમાં અગ્રેસર વેલા એક એવોર્ડ વિજેતા કંપની છે, જે ખરા અર્થમાં સમજે છે કે મહિલાઓને તેમના પરફેક્ટ હેર કલર સલૂનમાં કયો દેખાવ જોઈએ છે. વેલા પ્રોફેશનલ્સ છેલ્લા ૧૩૫ વર્ષથી વધુ સમયથી હેર કલરના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રેસર છે. હેર પેશનના બ્રાન્ડના એક સદી જૂના ઈતિહાસનું સન્માન કરતાં વેલા પ્રોફેશનલ્સ અભૂતપૂર્વ હેર કેર અને હેર સ્ટાઈલિંગ ઉત્પાદનો બનાવવા માટે ખૂબ જ ધગશથી કામ કરે છે.

વેલા ભારતમાં ઓઈલ ઈન્ફ્યુસો કલર સર્વિસ લઈ આવી છે. તે તેલ સાથે પ્રીમિયમ કલરના મિશ્રણ તરીકે અસરકારક રીતે ભારતીય મહિલાઓને સુંદર અને સ્વસ્થ દેખાવ ધરાવતા વાળ માટે એકદમ યોગ્ય કારણ આપે છે. લાંબા સમય સુધી કલરને જાળવી રાખતા વેલા કલર્સ સાથે ખૂબ જ વિચારપૂર્વક તૈયાર કરાયેલી આ સર્વિસ અનેક મહિલાઓને હેર ડેમેજને ગૂડબાય કહેવામાં મદદરૂપ થાય છે.

મોડાસાના માથાસુલીયા ગામ નજીક હાઈવે પર ઠેર ઠેર

ગેરકાયદેસર તોડી પાડેલ ડિવાઈડરથી અકસ્માતમાં વધારો

પેટ્રોલ પમ્પ, હોટલોના માલિકો દ્વારા અનિધિકૃત રીતે ગ્રાહકો મેળવવા તોડી પડાયેલ ડિવાઈડર જોખમી બન્યા

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો રાજ્ય ધોરીમાર્ગ નં-૨૭ શામળાજી-ગોધરા ફોરલેન માર્ગના

નિર્માણ પછી હાઈવેની બંને બાજુ તરફ આવેલ પેટ્રોલ પમ્પો અને હોટલોવાળાઓએ ગ્રાહકો મેળવવામાં ગોધરા હાઈવે પર તોડી પડાયેલ ડિવાઈડરો વધુ પ્રાણઘાતક બને તે પહેલા યોગ્ય પગલાં ભરી ડિવાઈડરો તોડી પાડતા પેટ્રોલપમ્પના માલિકો અને હોટલ સંચાલકો સામે દંડનીય કાર્યવાહી કરે તેવી લોકમાંગણી પ્રબળ બની છે.

ટોલરોડના જવાબદારોની સૂચક ચુપકીદી

શામળાજી-ગોધરા હાઈવે પર ડિવાઈડર તોડી પેટ્રોલ પમ્પ અને હોટલોના માલિકો દ્વારા ધંધાની બાબત ધ્યાને લઈ ગ્રાહકો મેળવવા આડેધડ ડિવાઈડર તોડી માર્ગો ઉભા કરી દેવાયા છે. માત્ર પોતાના સ્વાર્થ માટે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓની જાન જોખમમાં મુકતા હોવા છતાં અને ટોલરોડના સંચાલકો અને જવાબદાર અધિકારીઓ દ્વારા અગમ્ય કારણોસર ચુપકીદી સેવી લેતા અને આંખ આડે કાન કરાતા લોકો પણ આનું કારણ ન સમજાતા અનેક સવાલો અને શંકાઓ આવા જવાબદાર લોકો સામે સેવી રહ્યા છે.

મોડાસા-માલપુર રોડ પર માથાસુલીયા ગામ નજીક આવેલી હોટલના માલિક દ્વારા ફોરલેન શામળાજી-ગોધરા હાઈવે પર બિન અધિકૃતરીતે ડિવાઈડર તોડી પાડી ગ્રાહકો મેળવવા ગેરકાયદેસર માર્ગે બનાવતા અહીંથી અવરજવર કરતા વાહનોના પગલે છાસવારે અકસ્માતનો ભોગ નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ બની રહ્યા છે અને તોડી પડાયેલ ડિવાઈડર પર બોર્ડ પણ મારેલ ના હોવાથી ફોરલેન માર્ગે પરથી પસાર થતા વાહનચાલકો સ્પીડમાં હોવાથી અચાનક ગેરકાયદેસર તોડેલા ડિવાઈડરમાંથી ધસી આવતાં વાહનોથી અકસ્માતોના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે.

મોડાસાના માથાસુલીયા ગામ નજીક હોટલ મલિક દ્વારા ડિવાઈડર તોડી પાડતા વારંવાર અકસ્માતની ઘટનાઓમાં માથાસુલીયા સહીત અંદાજે ૧૦ ગામના લોકો રોડ ક્રોસ કરતા વાહનોના અકસ્માતનો ભોગ બનતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. બિન અધિકૃત રીતે તોડી પડાયેલ ડિવાઈડરો તોડી બનાવી દિધેલ માર્ગ વિષે ટોલરોડ સંચાલકો પણ જાણતા હોવા છતાં ભેદી સૂચક મૌન દાખવતા તેમની પણ મીલીભગત હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા શામળાજી-

ચુંગાલમાંથી બચાવાઈ... ● પાંચમાં પાનાનું ચાલુ

છેલ્લા છ મહિનાથી પતિ અને સાસુ માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાની મોડાસા મહિલા પોલીસ સ્ટેશનમાં એક મહિના અગાઉ ફરિયાદ નોંધાવી હતી. છતાં પતિ દ્વારા પરિણીતાને મારી નાખવાની ધમકી આપતો હતો. પ્રાંતિજ ખાતે નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી પરિણીતાને સોમવારે ૨ વાગ્યાની આસપાસ કોલેજમાંથી ઉઠાવી લઈ ટીટોઈ લાવી ઘરના ઉપરના માળે પતિ અને સાસુ માર મારતા હોવાનો કોલ ૧૮૧ અભયમ પર આવતા તાત્કાલિક ગ્રામ્ય પોલીસ સાથે ટીટોઈ પહોંચી હકીકત સામે આવતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. પોલીસનો પણ જાણે ડર ન હોય તેમ પોલીસ સામે આ લોકોએ પથ્થરો અને કાચની બોટલો ફેંકી હુમલો કરવાની કોશીશ કરી હતી. પરંતુ મહિલાને માર મારતા જોઈ મહિલા કોસ્ટેબલે બહાદુરી બતાવી ફિલ્મી ઢબે પતિ અને સાસુની ચૂંગલમાંથી મહિલાને છોડાવી લીધી હતી. મહિલાના પતિએ પ્રાંતિજથી કિડનેપિંગ અને અપહરણ કરી ટીટોઈ ગામે લાવી ઘરના ઉપરના માળે ગોંધી રાખી ગડદા પાટુનો, હાથ પગ બાંધી, ગળે ટૂંપો આપી, લમણે બંદૂક તાકી અને તલવાર જેવા હથિયાર બતાવી ખાતરનાક માર માર્યો હોવાનું ભોગ બનનાર મહિલાએ જણાવ્યું હતું. આ અંગેની મોડાસા રૂરલ પોલીસ મથકે પતિ અને સાસુ સામે માર મારી જાનથી મારી નાખવાની મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી હતી.

હેલ્લો ફ્રેન્ડસ! ● ૪ પાનાનું ચાલુ...

કરીને પણ પ્રસિદ્ધ થવાય છે, એને પ્રખ્યાત નહીં પણ કુખ્યાત કહેવાય છે... મુંબઈનો પ્રસિદ્ધ એન્કાઉન્ટર સ્પેશિયાલીસ્ટ દયા નાયકે લગભગ ૮૩ એન્કાઉન્ટર કરેલાં છે, અને એ એના કારણે ફેમસ છે, પણ સામે અરૂણ ગવળીએ એટલાં જ લોકો માર્યા હશે એ મર્ડરીસ્ટ છે... હવે તો ભેદ સ્પષ્ટ થયો જ હશે?

ગુરમીત રામ રહિમ સિંગ ખોટા રવાડે ચઢીને ફેમસ છે, આશારામ બાપુ પણ એ જ માર્ગે... તેઓ શું ઓછા સફળ હતા કે ઓછાં પ્રખ્યાત હતા? મારાં નોઈડાના મિત્ર ગોપાલ ખેતાણીએ આ મુદ્દો ઈમેલ કર્યો હતો અને વાત વ્યાજબી જ છે ને? સફળતા એટલે પ્રખ્યાત થવું એ, નહીં કે કુખ્યાત થવું? બાકી શોર્ટકર્ટ સફળતાને છાપે ચઢતાં વાર કેટલી? ભાંડો ફૂટે એટલી!

ચૂંટલો : શોર્ટકટથી મળેલી ફાઈવ સ્ટારની થાળી કરતાં મહેનતથી મળેલી દાળ-રોટલી વધુ સારી હોય છે. સીધાં માર્ગે ચાલીને સફળતા મેળવતાં વાર જરૂર લાગે છે, પણ એ ટકાઉ છે, તકવાદી નથી! બાકી શોર્ટકટથી સડસડાટ પ્રસિદ્ધિ મેળવનારાની કમી નથી, એટલે જ મીડિયાવાળા ભૂખ્યા નથી!

મોરચાનો ઉદય ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી તેવી સ્પષ્ટ વાત કરી કહ્યુ હતુ કે ૨૧મી જુલાઈએ મેં મારા પ્રવચનમાં કહ્યુ હતુ કે હું હવે કોઈ પક્ષીય કંઠી બાંધવાનો નથી. તેમણે કહ્યુ કે આ મોરચો ભાજપ કે કોંગ્રેસ સાથે ગઠબંધન નહિ કરે પરંતુ અમારી વિચારધારા સાથે જે જોડાશે તેને અમે સાથે રાખીશુ.

વાઘેલાએ કહ્યુ કે ગુજરાતમાં હાલ બેરોજગારી અને મહિલાઓના સળગતા પ્રશ્નો છે. આશા વર્કરો અને મધ્યાહન ભોજનના કર્મયોગીઓ દુ:ખી છે. જીએસટીના મામલે પણ વેપારીઓ દુ:ખી છે.

ભાજપ અને કોંગ્રેસ પર પ્રહારો કરતાં વાઘેલાએ કહ્યુ કે ભાજપના રાજમાં અનેક સવાલોથી લોકો પિડાઈ રહ્યા છે જ્યારે કોંગ્રેરસ હવે ભૂતકાળ બની ગઈ છે. બન્ને પક્ષો મેચ ફિકસીંગ કરે છે. તેમણે રાજ્યસભાની ચૂંટણી પણ મેચ ફિકસીંગ હોવાનો આક્ષેપ કર્યો હતો. વિધાનસભાની ચૂંટણી પણ મેચ ફિકસીંગ જેવી જ છે.

તેમણે કહ્યુ હતુ કે હું મત માટે કોઈને કરગરવાનો નથી.

વાઘેલાએ કહ્યું કે કોંગ્રેસ છોડી ભાજપમાં ગયેલા પૂર્વ ધારાસભ્યોને મેં મોકલ્યા નથી તેમની સાથે પહેલેથી ભાજપે સીટીંગ કર્યુ હતુ. કોંગ્રેસ નેતાગીરીએ કહ્યું હતુ કે જતા હોય તો જવાદો મેં રોકીને રાખ્યા હતા. તેમણે એમ પણ કહ્યુ કે મેં કહ્યુ હતુ કે મત અહમદ પટેલને આપીશ પણ મને એવુ કહેવાયુ હતુ કે તમે રાજીનામુ આપી દો એટલે કોંગ્રેસને મત મળી ગયા બરાબર છે આથી મેં બલવંતસિંહને મત આપ્યો હતો.

જાત સાથે દગો ● અનુસંધાન પહેલાનું ચાલુ

પટેલને રાજયસભાની ચૂંટણીમાં હરાવવા તેમણે એહમદ પટેલની વિરૂધ્ધમાં મતદાન કરી તેમને હરાવવાના ભરપૂર પ્રયાસો કર્યા એમ કરી એહમદ પટેલને વચન આપ્યું હોવાછતાં દગો કર્યો અને હવે ત્રીજો મોરચો ખોલી પોતાની જાત સાથે દગો કર્યો. રાજકીય ઈતિહાસમાં આવો દગો કયારેય જોવા નહી મળે. વાઘેલાએ જયારે રાજીનામું આપ્યું ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી હાજર રહ્યા હતા એ જ વખતે ગુજરાતની જાનતા જાણી ગઈ હતી કે, વાઘેલાના મનમાં શું છે. હું આજે પણ વાઘેલા દબાણ અને બ્લેકમેઈલીંગ હેઠળ નિર્ણયો લઈ રહ્યા હોવાના પોતાના અગાઉના નિવેદનને આજે ગેહલોત ફરી એકવાર વળગી રહ્યા હતા.

કાસ્કરને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ કહેવામાં આવે છે કે જે ચાર લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ એક્સટોર્શન સેલ દ્વારા જે શખ્સોની પુછપરછ કરવામાં આવી રહી છે તેમાં ઈકબાલ કાસ્કરનો પણ સમાવેશ થાય છે. ઈકબાલ કાસ્કરે એક બિલ્ડરને ફોન પર ધમકી આપીને તેની પાસેથી પૈસા એકત્રિત કરવાના પ્રયાસ કર્યા હતા. બિલ્ડર પાસેથી પહેલાથી જ ચાર ફ્લેટ લઈ ચુકેલા ઈકબાલ તેની પાસેથી વધુ રૂપિયાની માંગ કરી રહ્યો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ કેસમાં ઝડપાઈ ગયેલા લોકોમાં ઈકબાલ કાસ્કર એકલો શખ્સ નથી. તેની સાથે તાણે, અને મુંમ્બરાના બે બિલ્ડરોની પણ ધરપકડ કરવામાં આવી છે. ઝડપાઈ ગયેલા બિલ્ડરો પૈકી એક પર આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનો આરોપ છે. પોલીસે કહ્યુ છે કે કાસ્કર બિલ્ડરને પોતાના ભાઈ દાઉદના નામે ધમકાવતો હતો. કાસ્કરે બિલ્ડર પાસેથી જંગી નાણાં માંગ્યા હતા. એવુ પણ જાણવા મળ્યુ છે કે થાણે, ઉલ્હાસનગર અને ડોમ્બીવલીમાં અનેક એવા બિલ્ડર છે જે કાસ્કરને ખંડણીના નામે જંગી નાણાં આપી ચુક્યા છે. દાઉદના નામ ઉપર બિલ્ડરોને ધમકી આપવામાં આવી રહી હતી. આજે તમામને થાણે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીઓએ કહ્યું છે કે, કાસ્કરની ધમકીથી ત્રાસી ગયેલી વ્યક્તિએ અંતે થાણે પોલીસ કમિશનર પરમવીરસિંહનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ અને પુરાવામાં ધ્યાન આપ્યા બાદ પ્રદિપ શર્મા તપાસસાથે આગળ વધ્યા હતા. કાસ્કર સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ પણ કેસ દાખલ કરવામાં આવી શકે છે. કાસ્કર પ્રથમ વખત સકંજામાં આવ્યો નથી. ફેબ્રુઆરી ૨૦૧૫માં પણ ખંડણીના કેસમાં તેની ધરપકડ કરાઈ હતી પરંતુ જામીન મળી ગયા હતા. રિયલ એસ્ટેટ એજન્ટ મોહમ્મદ સલીમ શેખ દ્વારા કાસ્કર અને તેના લોકો સામે ફરિયાદ દાખલ કરી હતી અને માર મારવા અને ત્રણ લાખ રૂપિયા લઈ લેવાનો આક્ષેપ કર્યો હતો. કાસ્કર હત્યા કેસમાં પણ વોન્ટેડ રહી ચુક્યો છે. સારા સહારા કેસમાં પણ તેની મહત્વની ભૂમિકા રહી છે. આ કેસમાં સરકારી જમીન ઉપર ગેરકાયદે ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું હતું પરંતુ કોર્ટે ૨૦૦૭માં બંને દેશોમાં તેને નિર્દોષ છોડી મુક્યો હતો.